

**મોડાસાના ટાઉનહોલ પરિસરમાં અટલજીની સર્વદલીય પ્રાર્થનાસભા યોજાઈ**

દેશના પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન સ્વ.અટલજીની સોમવારે મોડાસાના ચાર રસ્તા ખાતે આવેલ નગરપાલિકાના ટાઉનહોલ ખાતે સર્વદલીય પ્રાર્થના સભાનુ આયોજન કરવામાં આવ્યું હતુ. આ મહાન નેતાના શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં રાજકારણથી દૂર રહી તમામ રાજકીય પક્ષ સાથે જોડાયેલા અગ્રણીઓ અને સામાજિક અગ્રણીઓ અને વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો અને કવિ હૃદય ધરાવતા લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સર્વદલીય સામાન્ય સભામાં આમ આદમી પણ ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલિ અર્પી હતી અને મહાન નેતાના અને દેશના પ્રથમ પ્રધાનમંત્રી હતા કે જેઓ સર્વ સ્વીકાર્ય હતા. તેમના જીવન સાથે જોડાયેલ યાદગાર પ્રસંગોને પણ યાદ કરવામાં આવ્યા હતા અને ભારત રત્ન સ્વ.અટલજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી હતી.

# હાર્દિક પટેલનો સરકારને ખુલ્લો પડકાર

## તાકાત હોય તો માત્ર ૨૪ કલાક માટે પોલીસ ઘરેથી હટાવી લો : પોલીસ ભાજપ સરકારની ચાપલૂસી બંધ કરે : આગામી દિવસોમાં રાજયના ખેડૂતો હાર્દિકના આંદોલનમાં જોડાશે

અમદાવાદ, તા.૨૭

પાટીદારોને અનામત અપાવવા અને ખેડૂતોનું દેવું માફ કરાવવાને લઈ હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસનો આજે ત્રીજો દિવસ છે. હાર્દિકે આંદોલન સ્થળેથી એફબી લાઈવ પર આજે ભાજપ સરકારને ખુલ્લો પડકાર ફેંકતાં જણાવ્યું હતું કે, જો સરકારમાં તાકાત હોય તો મારા ઘર પાસેથી માત્ર ૨૪ કલાક માટે પોલીસ હટાવી દો, તો વૃક્ષોની ડાળીએ ડાળીએ માણસો જોવા મળશે. આ લડાઈ ન્યાય સુધી નહીં પહોંચે ત્યાં સુધી લડવાની છે. ભાજપ પાસે કોઈ અપેક્ષા હોઈ શકે નહીં, પરંતુ સરકાર પાસે અપેક્ષા હોઈ શકે. જો અહીં લગાવેલી પોલીસ ગુજરાતમાં લગાવવામાં આવે તો એક ટીપું પણ દારૂ રાજયમાં આવી શકે નહીં. એક તબક્કે હાર્દિકે ભાજપના નેતાઓને પણ સત્યની આ લડાઈમાં જોડાવવા માટે આહ્વાહન કર્યું હતું. દરમ્યાન હાર્દિકના ઉપવાસ સ્થળે આજે કોંગ્રેસના ધારાસભ્ય હર્ષદ રીબડીયા પહોંચ્યા હતા અને હાર્દિકના આંદોલનને સમર્થન જાહેર કરી પોલીસ અને તંત્ર પર પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, પોલીસ ભાજપ સરકારની ચાપલૂસી બંધ કરે, આગામી દિવસોમાં રાજયભરના ખેડૂતો હાર્દિકના ઉપવાસ આંદોલનમાં જોડાવાના છે. હાર્દિક પટેલે ઉપવાસના આજના ત્રીજા દિવસે સરકારને આહ્વાહન કરતાં જણાવ્યું કે, અમારી માંગણી ખેડૂતોના દેવા માફી અને પાટીદારોને અનામતની છે. જે સરકારે સ્વીકારી લેવી જોઈએ. મારા આમરણાંત ઉપવાસને અટકાવવા માટે સરકાર અને પોલીસ દ્વારા નિર્દોષ લોકોને રોકવામાં આવે છે અને પરેશાન કરવામાં આવે છે. બહારગામથી ઉપવાસ સ્થળે આવી રહેલા પાટીદારો આગેવાનોને પણ અટકાવવામાં આવી રહ્યા છે. આ આંદોલનમાં પાટીદારો કરતા પણ કોંગ્રેસના ધારાસભ્યો અને કાર્યકરોનું વધુ સમર્થન મળી રહ્યું હોય તેમ લાગે છે. તેમાં પણ આશ્ચર્યની વાત તો એ છે કે, હાર્દિકને મળવા માટે આવી રહેલા પાટીદારોને અટકાવવામાં આવે છે. જ્યારે કોંગી નેતાઓ શશિકાંત પટેલ, બદરુદીન શેખ સહિતના આગેવાનોને બેરોકટોક પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. જ્યારે પાટીદાર આગેવાન દિનેશ બાંભણિયા સહિતના નેતાઓને હાર્દિકને મળવા જઈ રહ્યા હતા ત્યારે પોલીસે તેમને અટકાવ્યા હતા. હાર્દિકના સમર્થનમાં ઉતરેલા લોકોમાં મોટા ભાગના પાટીદારો કોંગ્રેસ સાથે સંકળાયેલા છે તેમજ તેને મળવા માટે પણ કોંગી સમર્થકો આવી રહ્યા છે. આ યાદીમાં આજે વિસાવદરના ધારાસભ્ય હર્ષદ રીબડીયાએ હાર્દિક સાથે મુલાકાત કરી હતી. રીબડીયાએ હાર્દિકને મળીને સમર્થન આપતા જણાવ્યું કે, પોલીસ દ્વારા સમર્થકોને અંદર આવતા રોકવામાં આવી રહ્યા છે, પોલીસ સરકારની ચાપલુસી બંધ કરે, પોલીસે એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે, સરકાર તો ગમે ત્યારે બદલાઈ જશે. તેમણે પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક અને પ્રમાણિકપણે કોઈપણ દબાણ કે શેહશરમમાં આવ્યા વિના નિભાવવી જોઈએ.

આગામી દિવસોમાં મોટી સંખ્યામાં રાજયભરના ખેડૂતો હાર્દિકના ઉપવાસ આંદોલનમાં જોડાશે. આજે રીબડિયા સિવાય લલિત વસોયા, બાબુ વાજા, ભીખાભાઈ જોશી, લલિત કગથરા, નૌશાદ સોલંકી, કિરીટ પટેલ, વલ્લભ ધારવીયા અને મહેશ પટેલ સહિત ૯ કોંગી ધારાસભ્યો ઉપવાસ સ્થળે ઉપસ્થિત રહ્યા હતા. આજે ત્રીજા દિવસે સોલા સિવિલની તબીબ ટીમે હાર્દિકના સ્વાસ્થ્યની તપાસ કરી હતી. જેમાં તેનુ બ્લડ પ્રેશર અને સુગર નોર્મલ આવ્યા છે, જ્યારે હાર્દિકની શ્વાસની સ્થિતિ પણ નોર્મલ છે.



**ધનસુરા ગોકુલનાથજી મંદિરમાં ફૂલોના કલાત્મક હિંડોળા**

પવિત્ર શ્રાવણ માસમાં દેવમંદિરોમાં રોજ અર્ચના પૂજા સાથે શિવજીના મંદિરોમાં શિવલીંગને દૂધ પાનનો અભિષેક કરાય છે. કેટલાક મંદિરોમાં અખંડ રામધૂન ચાલે છે. ધનસુરાના રામજી મંદિર, સ્વામિનારાયણ મંદિર, વૈષ્ણવ મંદિરમાં રોજ રાત્રે કલાત્મક હિંડોળા દર્શન થાય છે. ભક્તોની ભારે ભીડ જામે છે. ગોકુલનાથજીના મંદિર ખાતે કલાત્મક ગુલાબના ફૂલના હિંડોળાના દર્શન માટે વૈષ્ણવોની ભારે ભીડ જામી હતી. ટ્રસ્ટના પ્રમુખ પિયુષ શાહે સુંદર આયોજન કર્યું હતું.

# માલપુરના લાલપુર ગામે બે લુખ્ખા તત્વોને લુખ્ખાગિરિ કરવી ભારે પડી

## ગામલોકોએ પીછો કરી એક શખ્સને પકડી ઝાડ સાથે બાંધી દીધો : માલપુર પોલીસને સોંપ્યો

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના લાલપુર ગામે રક્ષાબંધનના દિવસે બે શખ્સો ગામમાં બાઈક લઈ શંકાસ્પદ રીતે આંટાફેરા મારતા ગામમાં દુકાન ધરાવતા ડાહ્યાભાઈ ધીરાભાઈ ખાંટ દ્વારા બંને લુખ્ખા તત્વોને અટકાવી અહીં કેમ આંટાફેરા મારો છો કહેતા જ બંને શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને ડાહ્યાભાઈને ફડકો ઝીંકી દીધો હતો અને એરગનમાંથી ફાયરિંગ કરતા ગામલોકો દોડી આવતા બંને શખ્સો બાઈક સાથે નાસી છૂટતા દુકાનદારે અને ગામલોકોએ પીછો કરી એક શખ્સને બાઈક સાથે ઝડપી પડ્યો હતો. એક શખ્સ ભાગી છૂટતા ઝડપી પાડેલ શખ્સ પાસેથી એરગન અને તીક્ષ્ણ છરો મળી આવતા ગામલોકોએ શખ્સને ઝાડ સાથે બાંધી દઈ માલપુર પોલીસને જાણ કરતા માલપુર પોલીસ અને સર્કલ પીઆઈ દરજી ઘટનાસ્થળે દોડી આવી દબોચી લીઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

માલપુર તાલુકાના અગ્રણી અને જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન જશુભાઈ પટેલ પણ દોડી આવ્યા હતા અને ગામલોકોને હિમ્મત આપી હતી. આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, લાલપુર ગામે દુકાન ધરાવતા ડાહ્યાભાઈ ધીરાભાઈ ખાંટની દુકાનમાં આવી ચઢેલા બે લુખ્ખા તત્વોએ પાણી નાસ્તો કરી શંકાસ્પદ રીતે આંટાફેરા મારતા દુકાનદારે પુછાતા બંને શખ્સો ઉશ્કેરાઈ જઈ બિભસ્ત ગાળો બોલી દુકાનદાર કઈ સમજે તે પહેલા લાફો મારી એરગનથી દુકાનદાર પર ફાયરિંગ કરી દેતા દુકાનદાર નમી જતા બચાવ થયો હતો. બંને શખ્સો બાઈક સાથે ભાગવા જતા દુકાનદારે અને ગામલોકોએ પીછો કરી એક શખ્સને બાઈક સાથે પકડી પાડ્યો હતો એક શખ્સ ભાગી છૂટતા પકડેલ લુખ્ખા પાસેથી એરગન અને ધારદાર છરો મળી આવતા ગામમાં લાવી ઝાડ સાથે બાંધી દઈ માલપુર પોલીસને જાણ કરતા ગુન્હાની ગંભીરતા સમજી જિલ્લા પોલીસતંત્રને જાણ કરતા સર્કલ પીઆઈ સહીત જિલ્લા એસઓજી પોલીસ ટીમ દોડી આવી હતી અને મારક હથિયાર સાથે ઝડપાયેલ શખ્સને માલપુર પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો. માલપુર પોલીસે ડાહ્યાભાઈ ધીરાભાઈ ખાંટની ફરિયાદના આધારે નરેશ સોમા ખાંટ અને મનીષ વીરા ખાંટ (રહે, કાંજીયા વીરપુર જી. મહીસાગર) વિરુદ્ધ ઈપીકો કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ અને જીપી એક્ટ કલમ-૧૩૫ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ફરાર શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



# પ્રાંતિજ કરોલમાં ભરબપોરે તસ્કરોએ મકાનનું તાળુ તોડ્યું

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કરોલ ગામે રક્ષાબંધન પર્વ નિમિત્તે પરિવારના સભ્યો બપોરના સમયે સોનાસણ ખાતે રાખડી બાંધવા ગયાને તસ્કરો મકાનનુ તાળું તોડી ઘરમાં ઘુસીને તિજોરીના તાળા તોડી રોકડ રકમ સોનાચાંદીના દાગીના સહિત કુલ ૧,૧૧,૦૦૦ની ચોરી કરતા બે તસ્કરોમાંથી એક રંગે પકડાયો.

પ્રાંતિજ તાલુકાના કરોલ ગામે રહેતાં નવનિતકુમાર પુંજારામ પટેલ કે જેવો બપોરના સમયે રક્ષાબંધન પર્વ નિમિત્તે પ્રાંતિજના સોનાસણ ખાતે ગયા હતા. તે સમયે તસ્કરો દ્વારા તેમના બંધ મકાનના મેન દરવાજાના તાળા તોડી મકાનમાં પ્રવેશ કરી ઘરમા રહેલ તીજોરીના તાળા તોડી તિજોરીમાં રહેલ સોનાનો સેટ-૧ જે હાર બુટી કાનસેટ સાથેનો આશરે પાંચ તોલા જેની કિંમત ૧,૧૦,૦૦૦ તથા ૧૦ની નોટનુ બંડલ ૧૦૦૦ મળી કુલ ૧,૧૧,૦૦૦ની ચોરી કરતા દિનેશભાઈ રણજીતભાઈ મારવાડી (રાઠોડ) રહે. સલાલ એસાર પેટ્રોલપંપ પાસે છાપરામાં મુળ રહે. પાલી બસસ્ટેન્ડ સામે, તા. પાલી જી. પાલી રાજસ્થાનનો રહેવાસી મકાન માલિકે પકડી પાડ્યો હતો.

શેરસીંગ રમેશભાઈ મારવાડી (ચૌહાણ) રહે. સલાલ એસાર પેટ્રોલપંપ સામે મુળ રહે. અહેલા પાલી રેલ્વે સ્ટેશન બાજુમાં તા.પાલી જી.પાલી રાજસ્થાનનો ભાગી ગયો હતો. મકાનમાલિક દ્વારા પોલીસને જાણ કરી હતી ને પકડાયેલ તસ્કરને પોલીસને હવાલે કર્યો હતો. પોલીસે બે તસ્કરો વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. ચોરી કરેલ મુદ્દામાલ મકાન માલિક આવી જતા ઘરની પાછળના ભાંગે નાખી દીધો હતો. પકડાયેલ આરોપી પાસેથી મકાનમાંથી ચોરી કરેલ ૧૦નુ બંડલ ૧૦૦૦ મળી મુદામાલ કબજે કરી આગળની તપાસ હાથ ધરી છે.





**ખેડબ્રહ્મા શહેરમાં રક્ષાબંધનના પર્વની ઉજવણી**

ખેડબ્રહ્મા શહેરના રામેશ્વરનગરમાં ભાઈ-બહેનના સ્નેહનુ હેત વરસાવતુ રક્ષાબંધનના પર્વના ધામધૂમથી ઉજવવામાં આવ્યુ હતું. બહેનોએ શૂભ મૂહુર્તમા ભાઈને રાખડી બાંધી ભાઈની રક્ષા માટેની પ્રાર્થના કરી હતી. નાના ભાઈઓને મ્યૂઝિકવાળી અને લાઈટીંગવાળી રાખડી બાંધવામા આવી હતી.

# ઈઝરાયલ પ્રવાસન મંત્રાલયે શહેરમાં રોડ શો યોજ્યો

અમદાવાદ, તા.૨૭

ભારતીય પ્રવાસન વ્યાપાર ઉદ્યોગ સાથે સંબંધો સુદૃઢ કરવાના હેતુથી ઈઝરાયલનાં પ્રવાસન મંત્રાલય દ્વારા આજે અમદાવાદમાં રોડ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈઝરાયલનું પ્રવાસન મંત્રાલય ૨૦ સભ્યોનાં ડેલિગેશન સાથે ભારતના પ્રવાસે છે. આ પ્રસંગે ઈઝરાયલ પ્રવાસન મંત્રાલયના ભારત અને ફિલિપાઈન્સનાં ડાયરેક્ટર શ્રી હાસન મદાહેએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઈઝરાયલ મુલાકાત અને ઈઝરાયલના વડાપ્રધાનની ભારત મુલાકાત બાદ ઈઝરાયલના ટુરીઝમ ઉદ્યોગમાં નોંધપાત્ર ઉછાળો અને હકારાત્મક અસરો જોવા મળ્યા છે. ભારત સહિત એશિયન કન્ટ્રીઝમાંથી હવે મુલાકાતીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. છેલ્લા સાત મહિનામાં ૪૪ હજારથી વધુ ભારતીયો ઈઝરાયલના પ્રવાસે આવ્યા છે, જેમાં સૌથી વધુ બિઝનેસ ટ્રીપ સફળ રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ઈઝરાયલના પ્રવાસન મંત્રાલયના ભારત આવેલા ડેલિગેશનમાં ડેસ્ટીનેશન મેનેજમેન્ટ કંપનીઓનો પણ સમાવેશ થાય છે. આ કંપનીઓએ ભારતનાં ૧૦૦ ટોચના ટ્રાવેલ અને ટુર ઓપરેટરો, માઈસ પુરુ પાડનારાઓ, અપ માર્કેટ લિઝર ઓપરેટર્સ અને સમૂહ માધ્યમો સાથે વિચાર વિમર્શ કર્યા હતાં. આ રોડ શોમાં પ્રેઝન્ટેશન અને આદાન પ્રદાનનો વર્કશોપ યોજાયો હતો.



મહેસાણા દૂધસાગર ડેરીની ૫૮મી વાર્ષિક સાધારણ સભા ડેરી હોલ ખાતે યોજાઈ હતી. જિલ્લાની દૂધ સહકારી મંડળીના હોદ્દેદારોનું શાલ અને સ્નામપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. તે પ્રસંગની તસ્વીરમાં વિપુલભાઈ ચૌધરી, દૂધ સાગર ડેરીના ચેરમેન આશાબેન ઠાકોર, વાઈસ ચેરમેન મોઘજીભાઈ ચૌધરી નજરે પડે છે.

# રાજકોટમાં પાટીદાર જીવનસાથી પસંદગી મેળો

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતમાં વસતા તમામ પાટીદાર પટેલ જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે લગ્ન સંબંધી વિગતવાર માહિતી નામ, જન્મતારીખ, અભ્યાસ, ઊંચાઈ, વજન, ફોટોગ્રાફ, માતા-પિતાનો સંપર્ક નંબર વગેરે જરૂરી માહિતી વિનામૂલ્યે મળશે. રસ ધરાવનારાઓએ તા. ૨ થી ૨૩ સપ્ટેમ્બર સુધીમાં સવારે ૯.૩૦ કલાકે પટેલ સમાજ કાર્યાલય મવડી પ્લોટ મેઈન રોડ, ૧૫, કોપર, આર્કેડ વિશ્વેશ્વર મંદિર સામે, અર્જુનભાઈ લીંબાસીયાનો મો. ૯૯૨૪૦૨૩૩૪૪નો સંપર્ક સાંધવો.

# ઘડકણ સ્કૂલના નિવૃત્ત શિક્ષકનું અણધાર્યુ અવસાન

તલોદ, તા. ૨૭

પ્રાંતિજ તાલુકાના ઘડકણ સ્કૂલના નિવૃત્ત શિક્ષક શૈલેષકુમાર અમૃતલાલ જોષી (સ્વાધ્યાયી, બાલીસણાવાળા હાલ-તલોદ)નું ૬૨ વર્ષની જૈફવયે રક્ષાબંધન પૂર્વે મધ્યરાત્રી બાદ હૃદયરોગના હુમલામાં દુ:ખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું/દશમું તા. ૪-૯-૧૯ મંગળવારના રોજ પ્રા. શાળા પાસેના બાલીસણા (તા. પ્રાંતિજ)ના નિવાસસ્થાને સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ રાખેલ છે. શૈલેષકુમારના અણધાર્યા અવસાનથી શિક્ષક વર્તુળે તથા સમાજે વ્યથાની લાગણી અનુભવી છે.

**કંપની સમાચાર**

## ૩૦ ઓગષ્ટે સમગ્ર વિશ્વમાં ગુજરાતી ચલચિત્ર નટસમ્રાટ

ગુજરાતી નાટક 'અમારી દુનિયા તમારી દુનિયા' અને મરાઠી ચલચિત્ર 'નટસમ્રાટ'નું ગુજરાતી સ્વરૂપ એટલે ફિલ્મ 'નટસમ્રાટ'. જયંત ગિલાટર દિગ્દર્શિત આ ફિલ્મમાં મુખ્ય ભુમિકા નિભાવી રહ્યા છે. ગુજરાતી ભાષાના દિગ્ગજ કલાકારો સિદ્ધાર્થ રાંદેરિયા, મનોજ જોષી, દીપિકા ચિખલીયા અને અભિનેત્રી તસનીમ શેખ.

લોકપ્રિયતાના શિખરો સર કરનારો નટ/અભિનેતા હરિંદ્ર પાઠક કારકિર્દીની ટોચ પર પહોંચી નિવૃત્ત થવાનો નિર્ણય લે છે. પરિવારજનો સાથે સમય ગાળતા, એમને જવાબદારીઓ સોંપતા સમજાય છે કે સંબંધોમાં ધારી એવી મિઠાશ નથી. પરિસ્થિતિ અને પ્રિયજનોથી હારી-થાકીને તખ્તાનો સમ્રાટ ફૂટપાથ સુધી પોહંચી જાય છે. પોતાની ખુમારીને લાચારી સુધી જતા જોઈ ખિન્ન હરિંદ્ર સમજી જાય છે કે છેવટે તે વિધિના હાથમાં એ કઠપુતળી જ છે. પડદો ઉઘડે અને પડે એ વચ્ચે ભજવાતા નાટકોની જેમ જ જીંદગી પણ જીવવી રહી જેમાં સહ કલાકારોનો સાથ મળે તો ઠીક, ન મળે તો પોતે લડી લેવાનું હોય છે. મિત્ર માધવ (મનોજ જોષી) અને પત્નીના (દીપિકા ચિખલીયા) પ્રેમ અને સહકાર ખોઈ, છેવટે પ્રેક્ષકો અને ચાહકોથી હંમેશા ઘેરાયેલો આ નટસમ્રાટ દરિદ્રતા અને એકલતાનો ભોગ બની રહી જાય છે. ગુજરાતી ચલચિત્રમાં એક અનોખી આભા અને વિષયવસ્તુ સાથે પ્રસ્તુત થશે આ અદ્ભુત કૃતિ નટસમ્રાટ.

### ડિઝલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વધારો કરવાનું એક કારણ છે. ગયા અઠવાડિયે કાચા તેલના ભાવમાં ખૂબ જ ઝડપી ભાવ વધારો જોવા મળ્યો હતો.ગયા અઠવાડિયે કાચા તેલના ભાવમાં ૫ ટકાનો વધારો થયો છે.

તુર્કીમાં ચાલતા આર્થિક સંકટના કારણે રૂપિયો ગગડ્યો છે. તેના કારણે ઓઈલ કંપનીઓને કાચા ઓઈલની આયાત કરવા માટે વધુ ખર્ચ કરવાની જરૂર પડે છે. આ કારણે ઈંધણના ભાવો આસમાનને આંબી ગયા છે. ચાર વર્ષ પહેલાં પ્રજાને અચ્છે દિનના સપના દેખાડતી મોદી સરકારની કથની અને કરનીમાં ઘણો ફરક દેખાઈ રહ્યો છે. આજે પેટ્રોલ અને ડિઝલના ભાવો ઐતિહાસિક સપાટીએ પહોંચ્યા છે પરંતુ સરકાર કુંભકર્ણની નિંદ્રામાંથી જાગવાનો સહેજ પણ પ્રયત્ન કરતી નથી અને સામાન્ય જનતાને એક પછી એક મોંઘવારીનો માર સહન કરવો પડી રહ્યો છે.

### માંગ ફગાવાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હવે રાજકીય પક્ષોના તમામ સૂચનો પર ચર્ચા કરશે અને જરૂર પડશે તો તેમને અમલી પણ બનાવશે. તેમણે ઉમેર્યુ હતું કે, ચૂંટણી પંચ અને રાજકીય પક્ષો વચ્ચે લોકસભા અને રાજ્ય વિધાનસભાની આગામી ચૂંટણીને ધ્યાનમાં લઈને મતદાર યાદીમાં સુધારા, પારદર્શીતાના સુધારા, દેશમાં એક સાથે ચૂંટણી યોજવા તથા તેમને સમાવેશી બનાવવા સાથે જોડાયેલા વિકલ્પો ઉપર ચર્ચા કરવામાં આવી હતી. ચૂંટણી પંચની આ બેઠકમાં વાર્ષિક પરિક્ષણ રિપોર્ટ અને ચૂંટણી ખર્ચના રિપોર્ટ સમયથી જમા કરાવવાના મુદ્દા ઉપર પણ ચર્ચા થઈ હતી. વિધાન પરિષદની ચૂંટણીમાં ખર્ચની મર્યાદા મર્યાદિત કરવા અને ચૂંટણી ખર્ચને ઘટાડવાના મુદ્દા ઉપર ચર્ચા થઈ હતી. બેઠકમાં કોંગ્રેસે રજૂઆત કરી હતી કે, ચૂંટણી બેલેટ પેપરથી થવી જોઈએ. કોંગ્રેસે એવી માંગ પણ કરી હતી કે, ચૂંટણીમાં ૩૦ ટકા વીવીપેટ મશીનોનો ઉપયોગ થવો જોઈએ.

### સુવર્ણ ચંદ્રક

● અનુસંધાન પહેલાનું ચાલુ

બેડમિંટનની સેમીફાઈનલમાં જાપાનની અકાને યામાગુચીને ૨૧-૧૭, ૧૫-૨૧, ૨૧-૧૦થી હરાવી દીધી. સિંધુ એશિયાડમાં બેડમિંટનના ૫૬ વર્ષના ઈતિહાસમાં ફાઈનલ મુકાબલામાં સ્થાન મેળવાનારી પહેલી ભારતીય બની. ફાઈનલમાં સિંધુનો મુકાબલો ચીની ટાઈપેની તાઈ જૂ યુંગ સાથે થશે. યુંગે સેમીફાઈનલમાં ભારતની સાઈના નેહવાલને ૨૧-૧૭, ૨૧-૧૪થી હરાવી. જોકે, સાઈના હારવા છતાં બેડમિંટનના મહિલા સિંગલ્સમાં મેડલ જીતનારી પહેલી ભારતીય બની ગઈ. બેડમિંટનમાં સેમીફાઈનલ હારનારા પ્લેયરને બ્રોન્ઝ મેડલ આપવામાં આવે છે. સિંધુ અને યામાગુચીનો મુકાબલો એક કલાકને છ મિનિટ સુધી ચાલ્યો. સિંધુએ પહેલો સેટ ૨૨ મિનિટમાં પોતાના નામે લીધો. જોકે, બીજા સેટમાં જાપાની પ્લેયરે ખૂબ જ સારી રમતનું પ્રદર્શન કર્યું. તેણે ૮-૧૦થી સિંધુની પાછળ રહ્યા બાદ ૧૬-૧૨થી આગળ થઈ ગઈ. તેના કારણે સિંધુ પર દબાણ વધ્યું. યામાગુચીએ તેનો ફાયદો ઉઠાવ્યો અને ૨૨ મિનિટ ચાલેલા બીજા સેટને ૨૧-૧૫થી પોતાના નામે કરી દીધો.

### પસંદગી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રામાજીના છાપરામાં આચાર્યા તરીકેની ફરજો બજાવતા અલકાબેન બી. પટેલની પસંદગી પણ શ્રેષ્ઠ શિક્ષક તરીકે થઈ છે.

અલકાબેન પટેલ આમ તો શૈક્ષણિક કાર્યમાં એક શિસ્તપ્રિય અને કડક શિક્ષિકા તરીકેની છાપ ધરાવતા હોવા છતાં બાળકોમાં ખુબ જ પ્રિય શિક્ષિકા છે વ્યસનમુક્તિનું અભિયાન પણ તેઓ ચલાવી રહ્યા છે.

અંતરિયાળ વિસ્તારમાં આવેલી તેમની શાળાને સ્વચ્છતા એવોર્ડ પણ મળ્યો છે. તેઓ બાળકોને પાઠાત્મક શિક્ષણ પછી તે શું શીખ્યા તેની કસોટી લે છે એટલુ જ નહિ બાળકોના માઈન્ડ પાવર ડેવલપમેન્ટ માટે વિવિધ પ્રયોગો તેમજ જુદી જુદી પ્રવૃત્તિઓ વક્તૃત્વ નિબંધ, ચિત્રકળા જેવી પ્રવૃત્તિઓ પણ કરાવે છે.

તેમની બાળવિકાસની પ્રવૃત્તિને જોઈ રોટરી ક્લબે પણ ખાસ એવોર્ડ આપી સન્માનિત કર્યા હતા. તેઓ બાળક સાથે જ નહિ પણ બાળકોના પરિવાર સાથે પણ એટલો જ સઘન નાતો રાખે છે જેથી પરિવારમાં કોઈ ખટરાગ થાય તો ઘરે જઈ બધાને સમજાવી અને સંપનું શું મહત્વ છે તેની વાતો કરે. તેમણે નાનકડા ગામમાં બાલ અદાલત, બાલ સંસદ, બાલસભા જેવા સફળ પ્રયોગો પણ કરી સમગ્ર તાલુકામાં આગવી ઓળખ ઉભી કરી છે.